મધ્યાહન ભોજન યોજના માટે સને ૨૦૧૫-૧૬ માં ચાલુ બાબતે
પ્લાન સદરે માંગણી નં.૯,૯૫ અને ૯૬ હેઠળ કુલ રુ.૨૩૯૬૫.૫૬
લાખની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૦/૧૨૭૮/આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૨/૧૧ /૨૦૧૫

વંચાણે લીધા:-

(૧)શિક્ષણ વિભાગના તા.૮/૫/૨૦૧૫ના સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૧૪/૦૮/૧૫ના પત્ર ક્રમાંક:મભય/હસબ/વહીવટી મંજુરી/૨૦૧૫/૭૯૭૦ અને તા.૨૮/૧૦/૧૫ના પત્ર ક્રમાંક:મભય/હસબ/૨૦૧૫/૧૦૬૫૨

ઠરાવ –

રાજયમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ભારત સરકારના ૭૫ % હિસ્સા માટે સને ૨૦૧૫-૧૬ માં ચાલુ બાબતે પ્લાન સદરે માંગણી નં.૯ હેઠળ રુ.૩૭૧૪૧.૯૪ લાખ, માંગણી નં.૯૫ હેઠળ રુ.૫૧૫૮.૫૯ લાખ અને માંગણી નં.૯૬ હેઠળ રુ.૯૨૮૫.૪૯ લાખ મળીને કુલ રુ.૫૧૫૮૬.૦૨ લાખની રકમની જોગવાઇ સામે સંદર્ભ-(૧)ના ઠરાવથી માનદ વેતન,કુકીંગ કોસ્ટ,ટ્રાન્સપોટેશન એમ.એમ.ઇ.હેઠળ મળનાર ગ્રાન્ટ માટે રુ.૨૫૩૬૧.૧૯ લાખની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. સંદર્ભ-(૨)ના કમિ.મ.ભો.યો.ના પત્રથી બાકી રકમ નીચે દર્શાવેલ કોલમ-(૫) મુજબની રકમ રુ.૨૬૨૨૪.૮૩ લાખની મંજુરી માટેની મળેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

| ક્રમ (૧) | માંગણી નંબર (૨) | બજેટ જોગવાઇ (૩) | મળેલ વહિવટી મંજુરી (૪) | બાકી વહિવટી મંજુરી (૫) | ભારતસરકારે AWP&B માં મંજુર કરેલ રકમ (લાખમાં) (૬) | ભારતસરકારે AWP&B માં મંજુર કરેલ રકમને ધ્યાને લેતા બાકી રહેતી રકમની મંજુરી(લાખમાં) (૭) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૯ પ્લાન CSS | ૩૭૧૪૧.૯૪ | ૧૮૨૬૦.૦૬ | ૧૮૮૮૧.૮૮ | ૩૬૫૯૦.૫૯ | ૧૮૩૩૦.૫૩ |
| ૨ | ૦૯૫ પ્લાન CSS | ૫૧૫૮.૫૯ | ૪૫૬૫.૦૨ | ૫૯૩.૫૭ | ૩૭૯૮.૧૬ | ૬૪૦૧.૮૯ |
| ૩ | ૦૯૬ પ્લાન CSS | ૯૨૮૫.૪૯ | ૨૫૩૬.૧૧ | ૬૭૪૯.૩૮ | ૮૯૩૮.૦૦ | -૭૬૬.૮૬ |
| | | ૫૧૫૮૬.૦૨ | ૨૫૩૬૧.૧૯ | ૨૬૨૨૪.૮૩ | ૪૯૩૨૬.૭૫ | ૨૩૯૬૫.૫૬ |

૨/ પુખ્ત વિચારણાને અંતે રાજયમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ભારત સરકારના ૭૫ % હિસ્સા માટે સને ૨૦૧૫-૧૬ માં ચાલુ બાબતે પ્લાન સદરે ઉપર દર્શાવેલ કોલમ-(૩) ની સામે ભારત સરકારે સને ૨૦૧૫-૧૬ના વર્ષમાં AWP&Bમાં કોલમ-(૬) મુજબ રુ.૪૯૩૨૬.૭૫ લાખની રકમ મંજુર કરેલ છે.જેથી નાણા વિભાગ દ્વારા બાકી રહેતી રકમ રુ.૨૩૯૬૫.૫૬ લાખની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો-**

(૧) કમિ.મ.ભો.યો.દ્વારા મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ભારત સરકારના ૭૫ % હિસ્સા માટે સને ૨૦૧૫-૧૬ માં ચાલુ બાબતે ઉકત કોલમ-(૩) માં દર્શાવેલ માંગણી નંબર સામે ભારત સરકારે સને ૨૦૧૫-૧૬ના વર્ષમાં AWP&Bમાં કોલમ-(૬) મુજબ રુ.૪૯૩૨૬.૭૫ લાખની રકમ મંજુર કરેલ છે.જેને આધારે કોલમ-(૭) માંગણી ૦૯ પ્લાન CSS, ૦૯૫ પ્લાન CSS અને ૦૯૬ પ્લાન CSS હેઠળ થયેલ રકમના ફેરફાર અંગે સુધારેલ અંદાજમાં કેન્દ્ર ફાળાની તથા પ્રમાણસર રાજ્યના ફાળાની જોગવાઇ કરવાની રહેશે.

(૨)સંદર્ભ-(૧)માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૮/૫/૨૦૧૫ના સરખા ક્રમાંકનો ઠરાવની શરતો યથાવત રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૪/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૫, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૫/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૬, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિગતવાર-સદર (૦૩)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૬/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૨/૧૦/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.પી.પટેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.